સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

કચ્છી-કાંડમાં રાજકારણની ગૂંચો થઈ ગઈ !
અબોલામાં સ્નેહભર્યા સંબંધે બૂચા થઈ ગઈ !
ઉઠી ગયો પર્દો ગુપ્ત છાનગપતિયાં પરથી -
કચ્છી મીઠી ખારેક તો ગળામાં ડૂચો થઈ ગઈ !
('સીડી' પર ચડ-ઉતર)

હાઈકુ

પલ્ટાય બાજી,
શિથિલ ચારિત્ર્યની
સીડી-કાંડોથી

ચડાવે સીડી
એ જ જમીનદોસ્ત
કરાવે 'સીડી'

ચિંતન

अनागतविधातारमप्रमत्तमकोपनम् ।
स्थिरारम्ममदीनं च नासौ श्रीरुपतिष्ठते ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જેનું નસીબ જાગ્યું નથી, જેણે પ્રમાદ-આળશને છોડ્યાં નથી, જે કોપ કરતો નથી. જે સ્થિર કાર્યને આરંભ કરતો નથી અને જે દીનતા રાખતો નથી એટલે ઉદ્ધત હોય એવા માણસની પાસે લક્ષ્મી ઊભી રહેતી નથી.

જે આળશુ - પ્રમાદી છે જે નિષ્ફળતા માટે પોતાની જાત પર ગુસ્સો થતો નથી, કોઈ નવાં કામ - પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થતો નથી પથારી - પ્રમાદ સાથે જેને પ્રેમ છે જે દયાળુ - ન્યાયી નથી, ઉગ્ર સ્વભાવ સાથે તોછડાઈ જેની જીભ પર રમતી હોય એવો માણસ સદાય નિર્ધન - દુખી જ હોય છે.

સુવિચાર

- જો સૂર્ય ન ઊગે તો હું નિષ્ફળ જાઉં, આવી અડગતા હોવી જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- જેમ આપણે (અંગ્રેજ) સરકારના દિલનો પલટો ઈચ્છીએ તેમ આપણાં પોતાના હૃદયોનો પલટો પણ કરવો પડશે - **સરદતર પટેલ (બારડોલી ખાતે)**
- ઈનામ અને ધનદોલત કદાચ તને સામે ચાલીને મળી જશે, પણ જ્ઞાન તો તમારે મહેનત કરીને જ મેળવવું પડશે - **ચુંગ**
- રાજકારણી નેતા જો પ્રજાને મૂરખ સમજતી હોય તો પ્રજા પણ તેને કંઈ સમજદાર વ્યક્તિ તરીકે માન્ય કરતી નથી - **હસમુખ ગાંધી**
- આ વ્યથા તો સર્વકાલીન હોય છે, જીવતો માણસ ઉદાસીન હોય છે - **ચિન મોદી**
- ફિલસૂફી એટલે આ જિંદગીની અનિશ્ચિતતાની પાદર્શક સમજ - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : મરીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલ્દી પાકીને ફૂટી જાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કૌશલપુરના રાજા અતિધર્મીષ્ઠ અને પરોપકારી હતા. પડોશના રાજા કાશી નરેશે કૌશલપુર હુમલો કરી કૌશલપુર જીતી લીધું. કૌશલપુરના રાજાએ આત્મસમર્પણ ન કર્યું પણ જંગલમાં અજ્ઞાત વાસમાં જતા રહ્યા. કાશી નરેશે જોયું કે કૌશળપુરની પ્રજા ને જૂના રાજા પ્રિય છે. આથી કાશી નરેશે જાહેરાત કરી કે કૌશલ રાજાને જીવતા પકડી લાવનારને એક હજાર સોના મહોર અને અનેક ગામ ઈનામ આપશે. કૌશલરાજાને જંગલમાં એક વેપારી મળ્યો. તેની સાથે વાતચીતમાં ખ્યાલ આવ્યો. કે વેપારીનો માલ નાવ ડૂબી જવાથી ખૂબ નુકશાન થયું છે. વેપારીએ કહ્યું, 'મારી પાયમાલીની કથા હું કૌશલપુરના રાજાને કહેવા જાઉં છું. તેઓ મને જરૂર મદદ કરશે.' કૌશલ રાજાએ કહ્યું, ચાલો આપણે બેવ કાશી નરેશે પાસે જઈએ. આમ, કૌશલરાજા ખુદ પેલા વેપારી સાથે કૌશલપુર કાશી નરેશ ને મળ્યા. અને કહ્યું, 'હું ખુદ કૌશલ રાજ છું. મારી સાથે આવેલ આ વેપારી અત્યારે ખૂબ નુકશાનમાં આવી ગયો છે. માટે મારા માટે જાહેર કરેલું ઈનામ એકહજાર સોના મહોર આ વેપારી ને આપી દો અને મારું આત્મસમર્પણ સ્વીકારી મને સજા થાય તે કરો.' કાશી નરેશે પણ સદ્‌ભા દાખવી કહ્યું, 'કૌશલરાજ, તમે ઉદાર હૃદયના મહાનરાજા છો. મારે તમારું રાજય જોઈતું નથી તમે ફરી કૌશલપુરની રાજગાદી છો. મારે તમારું રાજય જોઈતું નથી તમે ફરી કૌશલપુરની રાજગાદી શોભાવો. મેં લશ્કરના જોરથી તમારું રાજય જીતી લીધું છે પણ પ્રજાના હૃદય જીતી શક્યો નથી.' આમ કહી કાશી નરેશ ગાદી પરથી ઊતરી કૌશલ નરેશને પોતાના માથેથી મુગટ ઉતારી પહેરાવી દીધો અને પોતે કાશીતરફ જવા રવાના થયા.

બિન અનામત જાતિઓ માટેની નવી લોલીપોપ

તંત્રીસ્થાનેથી...

ગુજરાત સરકારે બિન અનામત વર્ગો અંતર્ગત ગણાતી ૫૮ જાતિઓના પરિવારોને એમનાં સંતાનો માટે દેશમાં અને વિદેશમાં અભ્યાસ માટે માતબર રકમની સસ્તા વ્યાજે લોન આપવાની યોજના બહાર પાડીને આ સમૂહોના વિદ્યાર્થીઓને રાજી કરવાનો પ્રયાસ કર્યો છે. આ વર્ગોમાં પાટીદાર સમાજ સહિત અન્ય તમામ સવર્ણ સમાજોનો સમાવેશ થઈ જાય છે જેમનો ઓબીસી વર્ગોમાં સમાવેશ થતો નથી. ચાર ટકાના વ્યાજે દસ-પંદર લાખની લોન તે કોઈ નાની-સૂની યોજના ન જ ગણાય. વળી આવા લાભાર્થી તો ઘરોઘર ફૂટી નીકળવાના, એટલે સરકારના માથે અકલ્પનીય આર્થિક બોજ પડવાની સંભાવના છે. યોજનાનો લાભ વિદ્યાર્થીઓ ઓનલાઈન મેળવી શકશે. સહાયની રકમ ટ્યૂશન કલાસીસવાળા ઓળવી ન જાય એટલા સારું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. નહીંતર સંસ્થાઓ અને ટ્યૂશન કલાસીસ જ આવી મોટી રકમોની લોન મેળવીઆપવા માટેની વચેટિયા એજન્સીઓ બની રહે, એનો સરકારને પૂરેપૂરો ખ્યાલ છે. અલબત્ત, આવી મદદ મેળવવા માટે આવદ મર્યાદા ૩ લાખથી વધારે નહીં - એવું બંધન જરૂર રખાયું છે, છતાં લાભાર્થીઓ માટે આવા પ્રમાણપત્રો લાવવાનું મુશ્કેલ નહીં બને, તે પણ સમજવું જોઈએ. ખેતીની આવક આપણે ત્યાં કરમુક્ત ગણાતી હોઈ એનો સાચો આંકડો ભાગ્યે જ કોઈ બતાવે છે. આવી તમામ નાની મોટી મર્યાદાઓ વચ્ચે આવી યોજના તાત્કાલીક ચાલુ વર્ષથી જ અમલી બનાવવા પાછળનો સરકારનો આશય બહુ જ સ્પષ્ટ છે. શાસક પક્ષની નજર સામે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી જ છે. પાટીદાર આંદોલનના રહી રહીને નવા રંગરૂપ ધારણ કરતું લાગતું હોય ત્યારે સરકારનું આ પગલું કેટલું કારગત નીવડશે તે જોવું રસપ્રદ બની રહેશે. શું આવી માતબર સહાય યોજના પાટીદાર આંદોલનને પુનઃ ઉગ્ર બનતું રોકી શકશે ? શું એથી બ્રાહ્મણ સમાજ અને રાજપૂત સમાજ સહિતની સવર્ણ વર્ગની જાતિઓને વગર માગ્યે મળી રહેલ લાભથી આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ તરફી વોટિંગ કરવા પ્રેરી શકાશે ? ઘણી ઊંડી અને ઊંચી ગણતરીઓ માંડીને આ યોજના બહાર પાડવામાંઆવી છે અને એનો તત્કાળ અમલ થઈ શકે તે માટે સરકાર કૃતસંકલ્પ પણ છે. વારંવાર અનામતના નામે જંગે ચડતી આ સવર્ણ જાતિઓ જો આ પ્રકારની સહાયની યોજનાથી સંતુષ્ટ થશે તો દેખીતી રીતે જ પાટીદાર આંદોલનને એનું શ્રેય પણ મળશે. 'ઓબીસી' સાથે ઍટ પાર લાબો મેળવી લેવાતી ગણતરી અલબત્ત બર નહીં આવે, કારણ કે ત્યાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પ્રવસ માટે અને આગળ ઉપર સરકારી નોકરીઓમાં પણ અનામતની જોગવાઈ છે. આથી એમ અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો કાળક્રમે ઊંચી પાયરી પર પહોંચી શક્યા છે અને ઓબીસીમાં સમાવિષ્ઠ જાતિઓના પ્રતિનિધિઓ ઠેર ઠેર દેખાઈ રહ્યા છે. એમ સવર્ણો અને પાટીદારો પહોંચી શકશે ખરા ? હરગિજ નહીં, કારણ કે અનામત એ અનામત છે. પેકેજ યોજના તે પેકેજ યોજના છે. ઓબીસીમાં સમાવેશ થતાંની સાથે ઉત્તર ગુજરાતના ચૌધરી અને પ્રજાપતિ સમાજના કેટલા બધા વિદ્યાર્થીઓ મેડિકલ, ઈજનેરી સહિતની ઉચ્ચ વિદ્યાશાખાઓમાં પ્રવેશ મેળવી શક્યા હતા ! આજે ઠેર ઠેર આ બે પ્રમાણમાં સમૃદ્ધ કહેવાય એવી જાતિઓના ડૉક્ટરો - ઈજનેરો કે ઉચ્ચ પદો પર નિમાયેલા અધિકારીઓ જોવા મળે છે. લાખો રૂપિયાની સસ્તી લોન ઉપલબ્ધ કરાવવાથી ભણવા માગતા વિદ્યાર્થીઓ ભણી જરૂર શકશે, પરંતુ ઊંચી નોકરી માટે તો એમને ઊંચી મેરીટની જ ગરજ રહેશે. એ દૃષ્ટિએ જોતાં આ યોજના બિન

ઘરગથ્થું દવાઓ...

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ઘણી વખતે અથવા તો વારંવાર એવો સવાલ થાય કે તાવ આવે, ઉધરસ આવે કે કંઈ પણ બિમારી આવે. તો માણસ શું કરે ? તો તેનો સીધો જવાબ કોઈ પણ આપી દે કે ડૉક્ટર પાસે જવું પડે. કોઈને પણ ડૉક્ટર પાસે જવું ગમતું નથી. બધા જ એમ માને છે કે મને કોઈ તકલીફ થવી ન જોઈએ અને જો તકલીફ થાય તો મારી જાતે જ દવા કરવી જોઈએ. પણ એ શક્ય છે ? જવાબ આપવા માટે પ્રયત્ન કરીએ તો પણ જવાબમાં ના જ આવે. તમે જાતે દવા ન કરી શકો. પણ દવા ન કરી શકીએ પણ પોતાની જાતને તો સાચવી શકીએ ને... તો જવાબ આવે હા... બધાને ખબર છે કે બેક્ટેરીયા, વાયરસ અને ફંગસ એ આ દુનિયામાં હાહાકાર મચાવી દીધો છે. જ્યારે વાતાવરણ ભેજવાળું હોય અને ૨૫થી ૪૦ ડીગ્રી વચ્ચે હોય ત્યારે ચોક્કસ પ્રકારનાં બેક્ટેરિયા, વાયરસ અને ફંગસનો ઉપદ્રવ વધારે પ્રમાણમાં થાય છે. અને જો તમારી રોગપ્રતિકારક શક્તિ જો ઓછી હોય તો એ ચેપ વાયરસ, બેક્ટેરિયા અથવા ફંગસનો લાગે છે.

ચેપ લાગતાની સાથે જો તમારામાં એ વાયરસ, એ બેક્ટેરિયા અથવા ફંગસને મારવાની અથવા રોકવાની શક્તિ તમારા શરીરમાં નથી તો એ બેક્ટેરિયા તમારા શરીર ઉપર હાવી થઈ જશે અને રોગ થશે. આમ તો બધાને આ પણ ખબર છે. છતાં પણ રોગ એટલાને એટલા જ થાય છે. રોજ દવા દવાખાના ખૂલે છે અને બધા જ દવાખાના ફુલ હોય છે. એટલે કહેવાનો મતલબ એ કે આ પૃથ્વી પર જ્યાં સુધી જીવમાત્ર છે એટલે કે મનુષ્ય છે ત્યાં સુધી બેક્ટેરિયા છે એટલે રોગ તો થવાના જ... તમારે સાચવીને રહેવું પડશે. એટલે તમારે ઈન્મ્યુરિટી રોગપ્રતિકારક શક્તિ વધારવી જ પડશે અને એના માટે શું કરવું... ? તો ખોરાકમાં કેલેરીવાળા, પ્રોટિનવાળા ખોરાક વધારે પ્રમાણ લઈ સતત કસરત કરી તમારા શરીરને મજબૂત કરો અને એ મજબૂત શરીરમાં બેક્ટેરિયા, વાઈરસ અને ફંગસ વધારે પ્રમાણમાં ટકી નહીં શકે. કારણ કે તમારી રોકપ્રતિકારક શક્તિ મજબૂત હશે તો રોગ તમારાથી મજબૂર હશે.

આ બધી વાતો લખવામાં, વાંચવામાં સરસ લાગે છે પણ તેનો અમલ કરવામાં ખૂબ જ અઘરી છે. પહેલા તો તમારી જાતને આ પરિસ્થિતિમાં લાવવા માટે પહેલા માનસિક રીતે તૈયાર થવું પડશે, આડશ ખંખેરવી પડશે અને રોજ નિયમિત રીતે કસરત અથવા યોગ કરીને સારો ખોરાક ખાઈને સમય આપીને કામ કરવું પડશે. તો જ તમે આ કરી શકશો. અત્યારે પાનના ગલ્લા ઉભરાય છે અને બગીચા ખાલી પડી ગયા છે. લોકોને ઘરમાં જીમ સજાવવાનો બહુ શોખ હોય છે પણ જીમ લોકોને બતાવવા માટે જ હોય છે એનો ઉપયોગ બહુ ઓછા લોકો કરતા હોય છે. પણ સમાજમાં વાહવાહ કરવા માટે ઘણી વખત લોકો ખોટા ઉથાપા કરતા હોય છે. આ બધી વસતું પણ બધાને ખબર છે. શું એવો કોઈ ઉપાય છે કે જેનાથી માનવીને ડૉક્ટર પાસે જવું ન પડે અને થયેલા સિઝનના રોગ જેને રોકી શકાય. પહેલા આપણે વિચારી લઈએ.. કે આપણે શું કરવું છે. ત્યારે તરત જ આપણને પ્રશ્ન થાય કે તમે ક્યા રોગની વાત કરો છો ? ચાલો દા.ત. આપણે વાઈરલ ઈન્ફેકશનની વાત કરીએ... તો વાઈરલ ઈન્ફેકશનમાં શું આવે, એટલે ક્યા રોગ આવે. વાઈરલ એટલે નરી આંખે ન જોઈ શકાય એવા નાના જંતુ. જેની સંખ્યા લાખ્ખો અથવા કરોડોમાં હોય છતાં પણ આપણે એને નરી આંખે જોઈ શકતા નથી. એના માટે ઈલે?ટ્રોનિક માઈક્રોસ્કોપ લાવવું પડે અને ટીસ્યુ કલ્ચરથી એને ઉગાડી જોવા પડે. જ્યારે તાપમાન ભેજવાળું હોય ત્યારે ખાસ કરીને વાઈરસ આ દુનિયા પર પોતાનું વર્ચસ્વ બતાવે છે. માખી, મચ્છર એ ખાસ વાઈરસના પોષણ કરતાં છે. એટલે કે અમાં રહે છે. માખી – મચ્છર જેની પર બેસે છે, જેને કરડે છે, તે મનુષ્યના લોહીમાં લાખ્ખોની સંખ્યામાં વાઈરસ મૂકી દે છે. એ વાઈરસ શરીરમાં ફેલાઈને માનવીને રોગનો શિકાર કરે છે.

(ક્રમશઃ)

'શું તમે વૉટ્સએપ વાપરો છો ? તો આ જરૂર વાંચો'

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, આપ સૌ જાણો છો કે આજકાલ વૉટ્સપ એ મોટાભાગના સમજદાર લોકો માટે માથાના દુઃખાવા સમાન બની ગયું છે. તો વળી કેટલાકને વૉટ્સપનું એવું વ્યસન થઈ ગયું છે કે ૨૪ કલાક બસ વૉટ્સપ પાછળ જ લાગેલા જોવા મળે છે. આજે જેમ વિશ્વમાં પ્લાસ્ટિક એક એક ઘરની જરૂરિયાત અને પછી એક વિકરાળ સમસ્યા બની ગયું છે તેમ જ વૉટ્સપનું થવાનું છે. આજે ભારતના પ્રત્યેક ઘરમાં દરેક વ્યક્તિ વૉટ્સપ વાપરે છે. આવનારા થોડા જ વર્ષોમાં આ વૉટ્સપ મૂક્તિ અભિયાનો ચલાવવા પડશે. કેમ કે આ વૉટ્સપને કારણે સોમાંથી નેવું લગ્નજીવન તૂટવાના છે. એક જ પરિવારના સદસ્યો એકબીજાથી વિમૂખ થવાના છે. પ્રેમ, લાગણી અને સંવેદનાના સંબંધો ખતમ થઈ જશે. આ વૉટ્સપ દરેક માણસને એકાકી બનાવી દેશે, માનસિક રીતે સાવ વિકલાંગ બનાવી દેશે, માણસ વાસ્તવિક દુનિયાને બદલે કાલ્પનિક દુનિયામાં જીવવા લાગશે. ગમે તે છોકરો ગમે તે છોકરી સાથે ખુલ્લેઆમ રહેવા લાગશે, લગ્નપ્રથા ધીમે ધીમે નાબૂદ થતી જશે, તહેવારો માત્ર ને માત્ર વૉટ્સપ પર જ ઉજવાશે, કોઈ કોઈના ઘેર નહીં જાય, આખા શહેરના શહેર રજાના દિવસે સાવ ખાલી દેખાશે.

મિત્રો, આ મોબાઈલ આપણા જીવનને આધુનિક નહી પણ આંધળું બનાવી રહ્યું છે. એણે ક્રાંતિ તો કરી નાખી પણ સાથે સાથે માનવીય ઉત્ક્રાંતિ પણ કરી નાખી. આ મોબાઈલને કારણે આજે આપણા સંતાનો લાયબ્રેરીએ જતા બંધ થયા છે, સારા સારા પુસ્તકો વાંચતા નથી, પત્રો લખવાનું તો સંદતર બંધ થઈ ગયું છે. આ મોબાઈલને કારણે જે પહેલા સાંજે પડોશીને ઘેર બેસવા જતા તે બંધ થઈ ગયું. જેથી અડોશ પડોશમાં સારા સંબંધો કે ઓળખાણ ના રહી, સંગીત, નાટક, ચિત્રકામ કે સાહિત્યમાંથી આજના સંતાનોની રસરૂચિ ઓછી થતી ગઈ. પતિ પત્નીના અંગત સંબંધોમાં પણ દૂરતા આવી. અવિશ્વાસ આવ્યો,... ટૂંકમાં આ મોબાઈલ અને વૉટ્સપને કારણે આપણી આખી સિસ્ટમ બદલાઈ રહી છે. જે સંસ્કૃતિ સદીઓ સુધી નહોતી બદલાઈ, અનેક મોગલો, મુસ્લિમ રાજાઓના આક્રમણો, અનેક વિદેશી રાજાઓ અને અંગ્રેજોનું શાસન,.. આવવા છતાંય ભારતીય સંસ્કૃતિ બદલાઈ નથી પરંતુ આ મોબાઈલ, ઈન્ટરનેટ અને વૉટ્સપે ભારતીય સંસ્કૃતિના મૂળિયા હચમચાવી નાખ્યા છે. અને આવનારા વર્ષોમાં આપણી સંસ્કૃતિનું વટવૃક્ષ આપણી જ માથે પડવાનું છે. આ વૉટ્સપે આપણા જ સંતાનોને આપણાથી દૂર કરી દીધા છે. એક ઘરના સભ્યો વચ્ચે પહેલા જે પારિવારિક ભાવના હતી તે આ વૉટ્સપે ખતમ કરી નાખી છે. આજે પ્રત્યેક ઘરમાં દીકરા દીકરી અને માતા પિતા એકબીજા સામે વૉટ્સપને કારણે ખોટું બોલતા થઈ ગયા છે. આ વૉટ્સપે બાહરી સંબંધોનો વિકાસ કરીને આપણી પારિવારિક પરંપરાને, વ્યવસ્થાને વિખેરી નાખી છે. અને હજી જો આપણે નહીં ચેતીએ તો આવનારા વર્ષોમાં બધુ જ છિન્નભિન્ન થઈ જશે. જે કામ અંગ્રેજો દોઢ સો વર્ષમાં ભારતમાં નથી કરી શક્યા તે કામ આ વૉટ્સપ માત્ર પંદર વર્ષમાં કરશે. આ વૉટ્સપે અનેક યુવા વિદ્યાર્થિઓની લાઈફ બરબાદ કરી છે. આજે વૉટ્સપને કારણે અનેક યુવા પ્રતિભાઓ એવી છે જે ડૉક્ટર, વૈજ્ઞાનિક, એન્જિનીયર, સી.એ. સાહિત્યકાર કે કોઈ મોટી કંપનીમાં સી.ઈ.ઓ થવાને લાયક હશે પણ એ પદ સુધી પહોંચતા પહેલા જ આ મોબાઈલ – ઈન્ટરનેટ અને વૉટ્સપની ઝપટમાં આવી ગયા હશે, લાખો તેજસ્વી યુવાનોની પરીક્ષાઓના પરિણામ બગડ્યા હશે, જેને કારણે મેડિકલમાં એડમિશન નહીં મળ્યું હોય, અથવા નાપાસ થઈને કિંમતી વર્ષ બગાડીને ગ્રેજ્યુએશન મેળવવાને બદલે બીજી કોઈ સામાન્ય ડિપ્લોમા કરીને સંતોષ માનવો પડ્યો હશે. અને આ નૂકશાન અત્યારે નહીં વર્ષો પછી ખબર પડે છે.

મિત્રો, હું મોબાઈલ, ઈન્ટરનેટ કે વૉટ્સપનો વિરોધી નથી. આ બધું હું પણ વાપરું છું. પરંતુ એના બિન જરૂરી ઉપયોગથી બચવું આજે અનિવાર્ય થઈ ગયું છે. કેમ કે એ આપણો સોનાથી યે વધુ કિંમતી સમય તો બગાડે છે સાથે સાથે આપણું મન અને સંસ્કાર પણ બગાડે છે. કેમ કે અમુક લોકો તો સવારમાં ઊઠતાવેંત જ એમણે બનાવેલા બ્રોડકાસ્ટ ગ્રુપમાં ''ગૂડ મોર્નિંગ'' ના મેસેજ રવાના કરી દે છે જે એક સાથે ૨૫૬ લોકોને માનસિક રીતે પરેશાન કરે છે. ઘણા લોકો આવા બ્રોડકાસ્ટ ગ્રુપમાં પોતાને ગમતા વિડીઓ, ફોટા, વેબસાઈટ, સુવાક્યો, લિંક, કવિતાઓ, લેખો, અખબારોની પીડીએફ ફાઈલો, કે ભગવાનના ફોટા કે સાધુ સંતોના, બાપુઓના, સ્વામીઓના ફોટા વગેરે મોકલી મોકલીને ત્રાસ ગુજારતા હોય છે. કેમ કે વૉટ્સપના સુવિચારો માત્ર વૉટ્સપમાં જ રહે છે. કોઈ જીવનમાં ઉતારતું હોતું નથી. અને આમે ય કૉપી પેસ્ટ થયેલા સુવિચાર કે લાગણી કે પ્રેમ વધુ વખત ટકતો પણ નથી હોતો.

મોટાભાગના મિત્રો, એક વખત ૨૫૬ લોકોનું બ્રોડકાસ્ટ ગ્રુપ બનાવી એમાં કોણ કોણ છે એ ભૂલી પણ ગયા હોય છે. પરંતુ રોજ સવાર સાંજ આવા ગ્રુપોમાં અનેક ફોટાઓ, વિડીઓના કચરાઓ ઠલવાયા જ કરે છે. જે આપણા મોબાઈલને થોડા જ દિવસોમાં હેંગ કરે છે. અને રોજે રોજ આ બધુ ડિલિટ કરવામાં પણ કલાકો બગડે છે.

હવે પછીના ચાર મહિનામાં અનેક તહેવારો આવી રહ્યા છે, સ્વાતંત્ર્ય દિવસ, પતેતી, બકરી ઈદ, રક્ષા બંધન, જન્માષ્ટમી, સંવતસરી, મોહરમ, ગાંધીજંયતી, નવરાત્રી, દસેરા, સરદાર પટેલ જન્મ દિવસ. કાળીચૌદસ, ધનતેરસ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, ઈદ એ મિલાદ અને દેવદિવાળી ... આટલા તો મુખ્ય તહેવારો આ ત્રણેક મહિનામાં આવશે, અને વળી ''ખાસ દિવસો'' તો જુદા, અમુક લોકોને તો તહેવાર સાથે કોઈ લેવા દેવા ના હોય તો પણ બધાને એની શુભેચ્છાઓ મોકલ્યા જ કરે છે. મિત્રો, બને તો આવા તહેવારલક્ષી મેસેજો સૌ કોઈ મિત્રોને મોકલવાનું ટાળજો, કેમ કે સાવ બિનજરૂરી મેસેજ કે ફોટા કે વિડીઓ મોકલીને તમે સામેનાનો મોબાઈલ જ હેંગ નથી કરતા પણ તમારા મોબાઈલની ગેલેરીમાં ય એ બધુ 'સેન્ડ' નામના ફોલ્ડરમાં સેવ થઈ જતું હોય છે. જે તમારો મોબાઈલ પણ હેંગ કરી શકે છે.

આજે વૉટ્સપની સ્થિતિ કુંભના મેળા જેવી થઈ ગઈ છે, ચારે તરફ ગ્રુપોની બોલબાલા છે. કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે ગ્રુપ બનાવીને આપણને પુછ્યા વિના જ ગ્રુપમાં એડ કરી દે અને પછી બધો કચરો ઠલવાવા લાગે આપણા ય મોબાઈલમાં. વળી દરેક ગ્રુપમાં બે ચાર સંત મહાત્મા જેવા એડમિનો હોય જેઓ પોતાને આદિ શંકરાચાર્ય સમજીને રોજે રોજ કંઈકને કંઈક પ્રવચન કરતા જ રહે છે. બધાની ઈચ્છા વિના બધાને પોતાની અમૃતવાણી પીવડાવતા જ રહે છે. આવા એડમિનો પોતાને સંત જ્ઞાનેશ્વર માનીને બધા ઉપર ગ્રુપના નિયમો બનાવીને ફટકારતા હોય છે. તો વળી કેટલાક સાહિત્યના અને ભાષાના સારા ગ્રુપ પણ જોવા મળે છે.

વૉટ્સપ એક માનસિક બિમારી છે. પણ એ હજી પ્રાથમિક તબકકામાં હોવાથી આપણને એની ખબર નથી. એનો ઉપાય એકમાત્ર સ્વયમ સંયમ છે. જો અત્યારથી વૉટ્સપનો ઉપયોગ સીમિત નહીં કરીએ તો આપણા જીવનમાં આપણે ઘણું બધું ખોઈ બેસીસું અને એનો પસ્તાવો દર્દનાક હશે. આજે યુવાનોની સાથે સાથે નિવૃત વડિલો પણ નવરાશને કારણે આ વૉટ્સપનો અત્યંત બિનજરૂરી ઉપયોગ કરવા લાગ્યા છે. કેમ કે કે તેઓને આ બાબતના ગેરફાયદાની ખબર જ નથી તેથી સવાર સાંજ તેઓના સગા વહાલાઓને, મિત્રોને, ઓળખીતાઓને, રોજે રોજ પોતાની પાસે આવ્યું તે બધુ જ બધાને મોકલતા રહીને અપ્રિય બને છે. મિત્રો, આપણે જ્યારે પણ કોઈને મેસેજ, ફોટા, વિડીઓ કે લિન્ક કે કાંઈપણ વૉટ્સપ કરીએ અને એને જો સામેથી જવાબ ના આવે તો સમજવું કે તમારું મોકલેલું એમને ગમ્યું નથી. એ વાંચ્યા કે જોયા વિના ડિલિટ કરી નાખવામાં આવ્યું છે. આમ છતાય આપણે સામેનાની સ્થિતિ જોયા વિના રોજે રોજ કેટલોય કચરો સૌ કોઈના મોબાઈલમાં વૉટ્સપ દ્વારા ઠાલવ્યા જ કરીએ છીએ. હવે તહેવારો આવે છે ત્યારે બને તો કોઈન એ શુભેચ્છાઓના મેસેજે કે ફોટા કે વિડીયો કે કશુ જ ના મોકલીને '' ઈ – કચરો '' ના વધારીએ, એવી સ્વયમ શિસ્ત પાળીએ. ઈશ્વર આપનને સૌને એવી સદબુદ્ધિ આપે એવી પ્રાર્થના.

સ્વતંત્ર ભારતના નાગરીકો... કોન્ગ્રેચ્યુલેશન...!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

લ્યો, વધુ એક સ્વતંત્રતા દિવસ આવી ગયો...! ખુશ થવાની, સેલીબ્રેટ કરવાની અને ઓફ કોર્સ રજાની મજા કરવાની ઓર એક તક આવી ગઈ ...! તિરંગાને સલ્લામીની સાથે સાથે તિરંગાની આંન-બાન અને શાન જાળવવા પ્રતિ આપણા કર્તવ્યને યાદ કરાવતો દિવસ આવી ગયો . સ્વતંત્ર ભારતની સ્વતંત્ર હવાના દમ ભરતા વી ધ પીપલને એ યાદ અપાવવા આ દિવસ આવી ગયો છે કે સ્વતંત્રતાને આપણે કેટલી જાળવી, કેટલી ઉપયોગમાં લઈ શક્યા છીએ ? કે પછી જેમ જેમ સ્વતંત્રતાના વર્ષો વિતતા જાય છે એમ એમ આપણે સ્વતંત્રતાનો આપણી રીતે મનઘડત અર્થ કાઢતા થઈ ગયા છીએ? સ્વતંત્રતા મારી ...સ્વતંત્રતા તમારી અને સ્વતંત્રતા સ્વતંત્ર દેશની આ બધાની વ્યાખ્યા દિનપ્રતિદિન બદલી રહી છે અથવા તો એમ કહો ને કે આપણે એને આપણી સગવડતા - અનુકુળતા મુજબ બદલી રહ્યા છીએ ...!

સ્વતંત્રનો મતલબ છે આપણા પર આપણા ખુદનું જ શાશન ... 'સ્વ' 'તંત્ર'...! સ્વતંત્રનો અર્થ થાય એક વ્યક્તિ, એક નાગરિક તરીકે આપણા પર આપણા ખુદનો જ કન્ટ્રોલ હોય, પણ આપણે આઝાદીનો અવળો અર્થ લેતા થઈ ગયા છીએ . ૨૦-૨૫ લાખની દુકાન લીધા પછી પણ આગળની ૧૦ કે ૫૦ ફૂટ જગ્યા દબાવી લેવી એને આપણે સ્વતંત્રતા ગણીએ છીએ...બિન્દાસ ટ્રાફિકથી ભરચક રોડ કે લોકોથી ફાટફાટ થતી વસાહતોમાં પશુઓને છુટા મૂકી દેવા આ છે આપણે મન સ્વતંત્રતા ...! ભલે ને બધાને નડતા હોય તો પણ આડેધડ વાહનો પાર્ક કરવા આ છે આપણી સ્વતંત્રતા...બીજા જાય ભાડમાં પણ આપણું કામ થતું હોય તો ઘૂસ આપવાની છે આપણી સ્વતંત્રતા ... ઘરના ૧૦ ફૂટ આંગણું છોડીને કચરો ફેંકવાની કે જાહેર સ્થળોએ બિન્દાસ ગંદગી ફેલાવવી એ છે આપણે મન સ્વતંત્રતા... સરકારી લાભ લેવા તોફાનો કરવાની ...નિર્દોષ લોકોની લાશો ઢાળવાની ... સમગ્ર શહેર કે વિસ્તારને બાનમાં લેવાની સ્વતંત્રતા આપણે જ વિકસાવી છે ..! જાતિના નામે કઈ પણ થઈ શકે આ છે આપણી સ્વતંત્ર વિચારસરણી... ધર્મના નામે લોકોને ઉશ્કેરવાને આપણે આપણી ધાર્મિક સ્વતંત્રતાના રૂપાળા ઓઠા નીચે જસ્ટીફાય કરીએ છીએ...! બંધારણ અને બંધારણીય સ્વતંત્રતાને આપણા લાભમાં- હિતમાં તોડી મરોડીને રજુ કરવી આ છે આપણે મન સ્વતંત્રતા દાયકાઓથી સ્વતંત્ર થયેલા ભારત દેશમાં અફસોસ એ વાતનો છે કે દરેકને મન સ્વતંત્રતાની પરિભાષા અલગ અલગ છે . હા એ માન્યું કે આટલા મોટા દેશમાં બધાની વિચારસરણી એક સમાન - મિલતી જુલતી ના પણ હોય શકે પણ એક વાત છે કે જ્યારે જ્યારે ' અમે સ્વતંત્ર દેશના સ્વતંત્ર નાગરિક છીએ ' એવો પડઘો પડે ત્યારે ત્યારે એ જ પડઘાના જવાબમાં બીજા પડઘાઓ અચૂક પડે જ' 'ના રે મારી સ્વતંત્રતા તો આમ જ ' કે 'ના રે અમારી સ્વતંત્રતા અલગ છે'...! નો ડાઉટ સ્વતંત્રતા અને બંધારણીય સ્વતંત્રતા દરેક માટે સમાન છે પણ એને સાર્વજનિક કે પછી દેશના પરિપેક્ષમાં કોણ ઓળખે છે ? કોણ માને છે? કોને ખબર છે ? જો તમે એમ કહેવા માંગતા હોવ કે આઝાદીના આટલા વર્ષો પછી વી ધ પીપલની દેશને પ્રથમ રાખીને વિચારવાની શક્તિ સુધરી છે તો તમે ખાંડ ખાવ છો ...! સ્થિતિ બદલી જરૂર છે પણ સુધરી બિલકુલ છે જ નહિ . દાયકાઓની સ્વતંત્ર હવાઓ ફેફસામાં ભર્યા પછી પણ હજુ આજેય આપણે સમાજ - ધર્મ - જાતી અને સામાજિક વિષમતાઓના ભાર નીચે 'સ્વતંત્રતા અમર રહો' ના ખોખલા નારાઓ દર ૧૫ ઓગષ્ટે પોકારે જઈએ છીએ ...!

શું છે સ્વતંત્રતા ? આવું પૂછવા કરતા એમ જ પૂછી લઈએ કે કેવી છે સ્વતંત્રતા ? હજુ આજે પણ સામાજીક કે આર્થિક મોરચે જે કાઈ ૧૦-૨૦% પ્રગતી કર્યા પછી પણ આપણે જાતીય તફાવતો, બાળ શોષણ, સેક્સ્યુલ હેરેસમેન્ટ, ભ્રષ્ટાચાર, મોંઘવારી, ગરીબી, બળાત્કારો, આતંકવાદ, અંધ